નમસ્કાર ગાંધીનગર

પમરાટ

પીડ પરાઈ જાણી હો તો ઓરા આવો,
એમ જિંદગી માણી હો તો ઓરા આવો.
ટેવ પડી છે કોઈની સેવા કરવાની ?
આપ ખરાં બંધાણી હો તો ઓરા આવો.
નિર્મળ ને ગંભીર વળી ધીરા લાગો છો,
સરવર જેવી વાણી હો તો ઓરા આવો.
અંતરથી અંતર ઓછું છે આ ભીતરમાં,
અંતરના સહેલાણી હો તો ઓરા આવો.
સતની કેડી છે કાંટાળી એ જાણીને,
કેડી ના ફંટાણી હો તો ઓરા આવો.

- દીપલ ઉપાધ્યાય 'ફોરમ'

પાથેય

- રમેશ ઠક્કર

ઓરા આવવાની શરતો...

પોતાના સુખે જે માણસ સુખ અનુભવે એ સરેરાશ માણસ.અન્યના સુખમાં રાજીપો અનુભવો એ જ સાચો આનંદ.આપણે સહુ પોતાની મુસીબતોનાં ગાણાં ગાવામાંથી જ ઉંચા નથી આવતા.નાનુ સરખું પોતાનું દુઃખ માણસને પહાડ જેવું લાગે છે. માણસ જો પોતાને દૃષ્ટિ છોડી અન્યની દ્રષ્ટિએ જોવાનું શીખી જાય તો દુનિયામાં અડધાં દુઃખો તો આપોઆપ જ ઓછાં થઈ જાય.એવું 'ધૂમકેતુ'ને એક વાર્તામાં કહેવાયું છે. એમાં ભારોભાર સત્ય છુપાયેલું છે. બીજાની પીડાને ઓળખવી એ કદાચ માનવતા તરફનો પહેલું કદમ છે.એ પીડાને આત્મસાત કરવી,પોતાની પીડા માનવી અને એમાં સહભાગી થવું એ ક્રમશઃ આપણને માનવતાના ઉચ્ચ શિખર તરફ લઈ જનારી ઘટના બને છે. આવું જે માણસ કરી શકે એ જ જીવનનો સાચો અર્થ પામી શકે. કવિઓ અને લેખકોને આવા લોકો માટે વિશેષ ભાવ હોય છે..એટલે જ એ કહે છે કે જેણે બીજાની મુસીબતો ને સમજી હોય એવા લોકો જ ઓરા આવે..!કેમકે જીવનનો સાચો અર્થ આ લોકો જ સમજી શક્યા હોય છે.

જિંદગીને હજારો માણસો જીવે છે. કેટલાય જીવો પૃથ્વીના પટ ઉપર આવે છે.જીવે છે,અને વિદાય થાય છે. માણસ થોડું અલગ પ્રાણી છે.કેમકે એને સંવેદના મળી છે.એ જો અન્યના દુઃખમાં સહભાગી થવાની સંવેદના કેળવી શકે તો જ એનું મનુષ્યત્વ સિદ્ધ થયું ગણાય.આ તો એક સીધી સાદી વાત છે.એ સમજાય તો માણસમાં સેવાનો વિશેષ ભાવ પ્રગટે છે.સેવા થતી જીવનને ઉજાળનારા લોકો જો આપણી નજીક આવે તો એને આવકારવાનો આનંદ ઉત્સવથી કમ નથી હોતો.પોતાના વિશે બહુ બોલબોલ કરતી વ્યક્તિ કોઈને પણ પ્રભાવિત કરી શકતી નથી.આપણુ મન નિર્મળ તળાવ જેવું હોવું જોઈએ.શાંત સરોવરની એક ગરીમા હોય છે.આવું જ ધીર ગંભીર માણસની બાબતમાં હોય છે.પોતે કોઈકની મદદમાં આવે કે અન્યની મુસીબતમાં સાથે ઉભો રહે એનો કોઈ ભાર આવા લોકોના ચહેરા ઉપર હોતો નથી.એવુ કોઈ ગુમાન પણ એવા લોકો રાખતા નથી.આપણે ત્યાં ગુપ્ત સેવા કે ગુપ્ત દાનનો અનોખો મહિમા છે.મુખર થયા વગર પોતાની સેવાભાવનાને વ્યક્ત કરતા માણસો જગતના વિશેષ માણસો છે.આવા લોકો ઓરા આવે તો એને? આવકારવાનો એક વિશેષ આનંદ થતો હોય છે.

આમ જોઈએ તો બાહ્ય જગતની કેડીઓ અને રસ્તાઓ ખૂબ લાંબા હોય છે.એમાં માઈલોના માઈલો સુધી ચાલીએ તો પણ કોઈ લક્ષ્ય પ્રાપ્ત થતું નથી.અને જો પ્રાપ્ત થાય ત્યાંથી જ કોઈક નવી કેડી સામે આવીને ઊભી રહે છે.જે આપણને ફરીથી એક નવા મુકામ તરફ લઈ જવા માટે મજબૂર કરે છે.આ વિષચક માણસને સતત અતૃપ્ત રાખે છે.એ જો પોતાની ભીતરનો રસ્તો જે ખૂબ જ ટૂંકો છે છતાં શક્યતાઓથી ભરપૂર છે એવા રસ્તાને ઉપર જબે ચાર ડગલા માંડે તો પણ સુખનો એક મોટો ખજાનો એની રાહ જોઈને ઉભો હોય છે.ભીતરથી ચાલવાની વાત ન સમજાય એવી છે. પરંતુ સાચો રાહ એ જ છે.એ માટે માણસે સત્યનો? સહારો લેવો પડે છે જો બીજાના સુખમાં પોતાનું સુખ અનુભવે એ જ સતની કેડી ઉપર ચાલી શકે છે.સતની કેડીને કાંટાળી કેડી કહેવામાં આવે છે.આ કેડી ઉપર જે લોકો ચાલીને આવે છે એમને ઓરા આવવા દેવામાં કોઈ વાંધો હોવો જોઈએ નહીં.કેમકે જીવનના સાચા રસ્તે એ લોકો ચાલ્યા હોય છે.એમણે કંડારેલી કેડી એ જ સાચી દીશાની શોધ બની રહે છે...

કોઈની દુકાન ચાલે કે નહીં પણ મેકઅપના સામાનની દુકાન અવશ્ય ચાલે

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અધરં મધુરં, વદનં મધુરં, નયનં મધુરં, હસિતં મધુરમ્ ?
હૃદયં મધુરં, ગમનં મધુરં, મધુરાધિપતેરખિલં મધુરમ્...

યાદ છે, શ્રી વલ્લભાચાર્ય રચિત આ મધુરાષ્ટક ? પરમાત્માની સ્તુતીમાં એમની સુંદરતાની વાતમાં સૌથી પહેલાં એમના મધુર હોઠની વાત વલ્લભાચાર્યજીએ કરી છે. પરમાત્માએ પૃથ્વી ઉપર બનાવેલી તમામ વસ્તુ હસીન અને રંગીન છે એટલે જ કુદરતનુ તમામ સર્જન તારીફને કાબિલ છે. ઐશ્વરીય તમામ સર્જનનો સલામ સાથે સત્કાર થવો જ જોઈએ. માણસ પણ ઈશ્વરનું જ સર્જન છે. તો સ્વાભાવિક છ , માણસની તારીફ કરવાનું પણ આપણું કર્તવ્ય અને ફરજ બની જાય કે નહીં ? જ્યારે તારીફ કે વખાણની વાત આવે તો સૌથી પહેલા ચહેરો આવે અને એમાં પણ સુંદરતાની તારીફનો મુગટ અધરો ઉપર મુકવામાં આવે છે. હોઠની ખૂબસુરતી અને નજાકતને શાયરોએ એમના ગુલાબી અને મખમલી અલ્ફાજોના અંદાજમાં પેશ કરીને લાખો લોકોના દિલની વાત વહેતી કરી છે. માનો યા ન માનો હોઠની સુંદરતાને સૌ કોઈ મનોમન તો માણે જ છે. શાયરીઓમાં હોઠના શ્રૃંગારને મન ભરીને પ્રસ્તુત કરવામાં આવ્યું છે. ક્યાંક ગુલાબની પાંખડીઓની ઉપમા આપી એની કોમળતાને ઉજાગર કરાઈ છે તો ક્યાંક ફુલોની વર્ષા સમા અધરોને ઓળખાવાયા છે. ક્યાંક ઈન્દ્રધનુષી રંગો સાથે તો ક્યાંક આસમાની આફતાબ સાથે સરખાવી હોઠની તારીફના તોરણો બંધાયા છે.

ઈશ્વરે આપેલા હોઠની સુંદરતાની લાલીમાના વધુ નિખાર આપવાનું માણસ ચુકતો નથી. મેકઅપની દુનિયામાં લિપસ્ટિકનું અનોખું સ્થાન છે. કોઈની દુકાન ચાલે કે નહીં પણ મેકઅપના સામાનની દુકાન અવશ્ય ચાલે. મેકઅપનો જાદુ એવો હોય છે કે, એક સામાન્ય દેખાતી છોકરી કે છોકરાને અસાધારણ સુંદરતા આપી એના લુકને ચાર ચાંદ લગાવે છે. મેકઅપનો એક અલગ જ પ્રભાવ છે. આ પ્રભાવ ઊભો કરવા પાછળ લીપસ્ટિકનો કલ્પી ન શકાય એવો મોટો હાથ છે. અદીમ હાશ્મીનો એક જાણીતો શેર છે કે, 'ક્યું પરખતે હો સવાલો સે જવાબો કો અદીમ, હોઠ અચ્છે હો તો સમજો કી સવાલ અચ્છા હૈ.' બીજા એક શાયરે હોઠની સુંદરતા વર્ણવતા લખ્યું કે, 'વો લફ્ઝ કિતને નશીલે હોંગે જો ઈન સે હોકર ગુજરતે હૈ...'

મહિલાઓ ચહેરાની સુંદરતા માટે લીપ સ્માર્ટનેસની સૌથી વધુ દરકાર લેતી હોય છે. મહિલાઓની આ મેન્ટાલિટીને લિપસ્ટિક ઈન્ડસ્ટ્રીયાલિસ્ટ્સે બખુબી પિછાણી છે. વર્ષ ૨૦૨૧ના આંકડાઓ મુજબ ૯.૫૭ બિલિયન યુએસ ડોલરનું લિપસ્ટિક માર્કેટ હતું. એવું અનુમાન છે કે, પાંચ છ વર્ષો પછી ૨૦૨૯માં આ માર્કેટ ૧૪.૬૮ બિલિયન યુએસ ડોલર ઉપર પહોંચી જશે. આજે વિશ્વમાં લેક મે, ફેસ કેનેડા વેઈટલેસ મેટ લિપસ્ટિક, જસ્ટ હર્બલ આયુર્વેદિક લિપસ્ટિક, સુગર કોસ્મેટિક્સ, મેપથ મોઈશ્ચર મેટ લોંગસ્ટે નાયકા સો ક્રીમ, કલરબાર વેલવેટ અને મેબેલાઈન ન્યુયોર્ક લિક્વિડમેટ પાંચ ટોપ બ્રાન્ડ લિપસ્ટિક છે. સામાન્ય રીતે વેક્સ, ઓઈલ અને પિગમેન્ટ એટલે કે મીણ, તેલ અને કલરના કોમ્બિનેશનથી લિપસ્ટિક બનતી હોય છે. લિપસ્ટિક વિગન પ્રોડક્ટ નથી હોતી. જો કે ફાઈ બ્યુટી, ઈએલએફ અને ડિસગસ કોસ્મેટિક્સ વિગન લિપસ્ટિક પણ બનાવે છે.

કોસ્મેટિક્સ ઈન્ડસ્ટ્રીઝના ખેરખાં લિયોનાર્ડ લોડેરના મંતવ્ય અનુસાર લિપસ્ટિક માર્કેટ એટલા માટે ક્યારેય મંદ નહીં પડે. લિયોનાર્ડનુ માનવુ છે કે, મહિલાઓ ગમે તેવી નાણાકીય તંગીમાં મોંઘા કપડાં અને પગરખાં લેવાનું છોડી દેશે પણ લિપસ્ટિક જેવી કપડાં જુતા કરતાં પ્રમાણમાં પરવડે એવી લિપસ્ટિક જેવી કોસ્મેટિક વસ્તુ ખરીદવાનું ક્યારેય નહીં છોડે. ફેશન આઈફોન કોકો ચેનલે મહિલાઓને આત્મવિશ્વાસ પ્રદાન કરતી મહત્વની પોડક્ટ તરીકે લિપસ્ટિકને ઓળખાવી છે. કોકો ચેનલે તો ત્યાં સુધી મહિલાઓને જણાવ્યું છે કે 'જો તમે ઉદાસ હોવ તો લિપસ્ટિક લગાવીને અત્મવિશ્વાસ વધારી ઉન્નત મસ્તકે બહાર નીકળો.'

જો કે થોડા સમય પહેલા કોરોના મહામારીના સમયમાં લિપસ્ટિક ઈન્ડસ્ટ્રીને બીજી બધી ઈન્ડસ્ટ્રીની માફક માર જરૂર પડ્યો પરંતુ ટૂંક સમયમાં જ લિપસ્ટિક માર્કેટ ફરી આળસ મરડીને ફરી પાછુ બેઠું થઈ ગયું. લિપસ્ટિક ફેશન અને સ્ટેટસ સિંબોલથી વધારે આત્મવિશ્વાસ વધારતુ મહિલામુક્તિનું પ્રતીક બની ઊભરી આવી છે. મેકઅપની આ મઝાની દુનિયામાં લિપસ્ટિકનું સૌથી મહત્વનું સ્થાન રહ્યું છે. બ્રીટની સ્પીયર્સ, પૈરિસ હિલ્ટન જેવી વિદેશી એકટ્રેસ અને વિદેશી ઢગલાબંધ મોડલ્સ તથા દીપિકા પદુકોણ, આલિયા ભટ્ટ, માધુરી દિક્ષિત જેવી બોલિવુડ એકટ્રેસિસે શાઈન અને ગ્લોને વધુ ઊંચાઈ ઉપર પહોંચાડી દીધા છે. એક સવાલ એ પણ થાય કે મેકઅપ અને એમાં પણ લિપસ્ટિક શું આજના મોડર્ન યુગની દેન છે ? તો એનો જવાબ છે બોસ, લિપસ્ટિકનો સદીયો પુરાણો ઈતિહાસ છે. હાં, એ વાત સાથે સંમત કે આજે જે પેકેજિંગમાં અને જે સ્વરૂપે લિપસ્ટિક માર્કેટમાં મળે છે એવું પેકેજિંગ ન હતું પરંતુ મેકઅપની દુનિયામાં લિપસ્ટિકની ચમક તો સદીઓથી રહી છે. એની પાછળનો ફંડા તો હોઠની સુંદરતા બયાં કરવાનો જ હતો.

ઈતિહાસવીદોના અનુસાર આજથી લગભગ પાંચ હજાર વર્ષો પહેલાથી હોઠ ઉપર લિપસ્ટિક લગાવવાના પ્રમાણો મળે છે. પૌરાણિક સમયમાં ફુલોથી માંડીને કેટલાક કિંમતી પથ્થરોને કુટીને એની પેસ્ટ બનાવી લિપસ્ટિક તરીકે ઉપયોગમાં લેવાતી. કહેવાય છે કે, હજારો વર્ષો પહેલાં મેકઅપને સ્ટેટસ સિંબોલ માનવામાં આવતો હતો. માત્ર મહિલાઓ જ નહીં પુરુષો પણ શ્રૃંગારનો ભરપુર ઉપયોગ કરતા હતા. એ જમાનામાં મેકઅપ માત્ર ખૂબસુરતી વધારવા માટે જ નહીં પણ ઔષધિ રૂપે પણ ઉપયોગમાં કરવામાં આવતો હતો. સુમેરિયન સભ્યતામાં લોકો લિપસ્ટિકનો ઉપયોગ કરતા હતા. ઈતિહાસકારોના મતે સુમેરિયન્સ દ્વારા લિપિસ્ટિકનો પહેલ વહેલો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો હતો. સુમેરિયન પ્રજા ફળ, મહેંદી, માટી અને કેટલાક જીવજંતુ જેવી કુદરતી સામગ્રીના ઉપયોગથી લિપસ્ટિક બનાવતા. મિસોપોટેમિયાની મહિલાઓ જમીનમાંથી નીકળતા કેટલાક ઘરેણાઓને પણ લિપસ્ટિક બનાવવા માટે ઉપયોગમાં લેતી હતી.

જો કે આ બધા પૈકી મિસ્રના લોકો લિપસ્ટિકના પહેલા સાચા પ્રેમીજનો હતા. એમણે લિપસ્ટિકના લાલ રંગથી આગળ વધીને જાંબલી, સોનેરી અને કાળા રંગના શેડનો આવિષ્કાર કર્યો. આના માટે મિસ્રના લોકો ઘેટાનો પસીનો, મગરમચ્છના મળ અને જીવજંતુઓનો પણ ઉપયોગ કરતા. મિસ્રમાં શીસુ, બ્રોમીન અને આયોડિન જેવા હાનીકારક પદાર્થોનો લિપસ્ટિક બનાવવામાં ઉપયોગ થવા લાગ્યો હતો. એના પરિણામે ગંભીર રોગ થવાના અને મોતના કિસ્સા પણ જોવા મળ્યા હતા. જાપાનની મહિલાઓ ટાર અને બીવેક્સના કોમ્બિનેશનવાળી લિપસ્ટિકનો ઉપયોગ કરતી. ગ્રીક સામ્રાજ્યમાં પ્રોસ્ટિટ્યુટે તેના હોઠ ઘાટ્ટા રંગથી રંગવાનું કાનુની ફરમાન હતું.

અબુલકાસિસ નામના આરબ વૈજ્ઞાનિકને આજના જમાનાની સોલિડ લિપસ્ટિકના જનક માનવામાં આવે છે. ભારતીય ઉપમહાદ્વિપમાં લિપસ્ટિકની વાત કરીએ તો પૌરાણિક સમયમાં ભારતમાં હોઠને રંગવા માટે પાન ચાવવામાં અવતું હતું. આ ઉપરાંત આયુર્વેદમાં સુકા અને ફાટેલા હોઠ ઉપર ઘીમાં રતનજોતનાં સુકા પાન ભેળવીને લગાવવાની સલાહ આપવામાંમાં આવતી હતી. મધ્યયુગમાં લિપસ્ટિક માટેના વિચારોમાં થોડો બદલાવ ક્રિશ્ચિયન ધર્મગુરુઓ દ્વારા લાવવામાં આવ્યો. એમણે મેકઅપ અને લિપસ્ટિકના ઉપયોગ ઉપર સદંતર પાબંદી લગાવી દીધી. એમણે લાલ રંગ શૈતાનનો રંગ તરીકે ઓળખાવ્યો. પરંતુ ૧૬મી સદીમાં લિપસ્ટિકનો ઉપયોગ ફરી પાછો વધવા લાગ્યો. ઈંગ્લેન્ડમાં મહારાણી એલિઝાબેથના

અનુસંધાન પાના નં. ૭ પર

પરિવાર દિવસ : પણ કયા પરિવારનો દિવસ? પરિવારની સાચી વિભાવના શું છે?

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ચાલો એક નવો દિવસ આવ્યો અને ગયો પણ ખરો. 'આંતરરાષ્ટ્રીય પરિવાર' દિવસ ગઈકાલે સમગ્ર દુનિયામાં પરિવાર દિવસ તરીકે મનાવવામાં આવ્યો. યુનાઈટેડ નેશન્સ દ્વારા ૧૯૯૩માં આ પરિવાર દિવસનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. ત્યાર પછી પ્રતિ વર્ષ ૧૫મી મે આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ તરીકે મનાવવામાં આવે છે.

ફાધર્સ ડે અને મધર્સ ડે જેવા દિવસો મનાવાય તે આમ જોવા જઈએ તો આપણી માટે કે ભારતીય સંસ્કૃતિ અને સંસ્કાર પ્રમાણે આપણે આવા દિવસ ઉજવવાની કોઈ આવશ્યકતા નથી તેવું માનવામાં આવે છે. તેમાં વળી યોગાનુયોગ રવિવારે મધર્સ ડે પછી તરત જ સોમવારે પરિવાર દિવસ આવ્યો. જે બિલકુલ યથોચિત જ છે ને !! એક મા જ પરિવારને સાચવીને બેઠી હોય છે.

Facebook, whatsapp અને છાપાઓમાં મધર્સ ડે નિમિત્તે તમે લોકો ખૂબ કવિતાઓ અને લેખો વાંચી ચૂક્યા હશો એટલા માટે માની મહત્તા કે જે શબ્દોમાં કોઈ દિવસ તેની મહત્તા આકી ન શકાય. તેને યથાસ્થાને રાખીને આપણે પરિવારની વિભાવના તરફ આગળ વિચારીએ. જ્યારે પરિવાર દિવસ મનાવતા હોઈએ ત્યારે વિચાર આવે કે પરિવાર એટલે કયો પરિવાર ? જ્યાં આપણો જન્મ થયો તે માતા અને પિતા અને આપણા સહોદર ભાઈ કે બહેન એટલા વ્યક્તિઓનો પરિવાર. એથી વિશેષ આગળ વધીએ તો પિતાના પરિવારમાં દાદા-દાદી કાકા-કાકી, ફઈ-ફુવા અને તેમના દીકરા-દીકરીઓ એટલે કે આપણા પિતરાઈ. સાથે સાથે માતા તરફના નાના-નાની મામા-મામી માસી-માસા અને તેમના દીકરા દિકરીઓ એટલે કે મોસાળ પક્ષના પિતરાઇ તેટલો પરિવાર. વળી પાછું આપણે ત્યાં જે પ્રકારે સંયુક્ત પરિવારની વિભાવના છે તે પ્રકારે તો પપ્પાના ભાઈ-બહેનોનો પરિવાર અને પપ્પાના પપ્પાના ભાઈ-બહેનોનો પણ પરિવાર તે જ પ્રમાણે મમ્મીના ભાઈ બહેનોનો પરિવાર અને મમ્મીના મમ્મીના ભાઈ બહેનોનો પણ પરિવાર આ બધું જ સામાન્ય રીતે પરિવારમાં આવે.

ત્યાર પછી વાત આવે એવા પરિવારોની કે જે રક્ત સંબંધથી નહીં પરંતુ હૃદય સંબંધી હોય. મિત્રો, પાડોશીઓ વગેરે આત્મીય સંબંધો. કારણ કે આજકાલ બધા સગા વહાલા નથી હોતા અને બધા વ્હાલા સગા નથી હોતા એ પ્રમાણે પરિવાર હવે લોહીની સગાઈથી આગળ નીકળ્યો છે.

મિત્રો સાથે મિત્રોના પરિવાર સાથેનો ઘરોબો. પાડોશીઓ સાથેનો નાતો એવા અંતરંગ સંબંધો રચાઈ જાય છે કે કહેવાતા લોહીના સંબંધો કરતા તે ચડિયાતો સાબિત થતો હોય છે. તો પરિવારની વ્યાખ્યામાં તે પણ આવે. આપણે નાના હતા ત્યારથી નાગરિક તરીકેની મુખ્ય ફરજોનું પાઠ્યપુસ્તકમાં આવતું પહેલું પાનું હંમેશા અવગણી નાખતા હતા. પરંતુ આપણી પ્રતિજ્ઞાનું એક વાક્ય જે "બધા ભારતીયો મારા ભાઈ બહેન છે" - તે આવે છે. સંવિધાને જે રીતે આપણી નાગરિક તરીકેની ફરજો જણાવી છે. તેમાં પરિવાર એટલે કે વ્યક્તિથી સમષ્ટિ તરફ જવાની વાત આપણા વેદ અને ઉપનિષદો હજારો વર્ષોથી કહેતા આવ્યા છે.

વ્યક્તિ જન્મ સાથે પોતાના પરિવારને પોતિકો માને. ત્યારબાદ થોડા સમજણા થયા પછી આડોશ પાડોશ તેનો વિસ્તૃત પરિવાર બને. શાળાએ ગયા પછી તેના મિત્રો-શિક્ષકો તેના પરિવારની રેખાઓમાં ઉપસતા જાય. ત્યારબાદ નોકરીના કાર્ય-સ્થળ ઉપર સહ કર્મચારીઓ સાથેનો તેનો નાતો વળી પરિવારની સીમાને થોડી મોટી કરે. પરિવારથી સમાજ તરફ તેનું દાયિત્વ વધતું જાય. કોઈ આધ્યાત્મિક કે સામાજિક સંસ્થાઓ સાથે જોડાઈને તેની પારિવારિક ભાવનાને વધુ બળ મળે અને તે સમાજને પણ પોતીકો માનતો થાય. આ રીતે પરિવાર-સમાજ-ગામ-શહેર-રાજ્ય-રાષ્ટ્ર અને વિશ્વ તરફ તેનો અગ્રતા ક્રમ પ્રમાણે વિકાસ થતો રહે, અને તેની પારિવારિક ભાવના વિકસતી રહે આ સાચા નાગરિક બનવા તરફની દિશા છે.

ગયા લેખમાં વાત કરી હતી તે પ્રમાણે વેકેશનમાં બાળકને બહારના પ્રદેશોમાં ફરવા લઈ જઈએ ત્યારે ત્યાંના લોકોની રહેણીકરણી વેશભૂષા ભોજન વગેરેને પણ જો નિકટતાથી જોવાનું સાંભળે તો બાળક વધુ ઝડપથી એકત્વભાવ અંગીકાર કરી શકે.

આજે તૂટતા જતા પરિવારોમાં હુતો - હુતી અને એક સંતાન પ્રમાણે એકાંગી બનતા જાય છે; ત્યારે પોતાના પિતરાઈ ભાઈ-બહેનો પ્રત્યે પણ તેનો લગાવ એવો રહેતો નથી કે મુસીબતના સમયે હાક મારીને તેમને બોલાવી શકે. સમગ્ર વિશ્વને કુટુંબ માનવાની વાત જ્યારે કરતા હોઈએ ત્યારે માતા પિતાની એ પ્રથમ ફરજ છે કે બાળકને પોતાના પરિવાર, પરિવારના સભ્યો કાકા મામા ફઈ ફુવા માસા માસી વગેરેથી વારંવાર અવગત કરાવતા રહે. પ્રસંગોપાત નિયમિત રીતે તેમની મુલાકાત લેતા રહે. આપણે જ્યારે એમ કહીએ છીએ કે આજકાલ લોહીના સંબંધો ઉપર આત્મીય સંબંધો એટલે કે મિત્રોના અને પાડોશીઓના સંબંધો વધુ ગાઢ બનતા ગયા છે ત્યારે આપણે એ ચોક્કસપણે સ્વીકારવું જોઈએ કે આપણે આપણા પરિવારના મેળાવડાઓમાં, જ્ઞાતિ સમૂહના સમારંભોમાં જવાની ઉપેક્ષા સેવતા થઈ ગયા છીએ. જો આપણા તરફથી વ્યવહાર આવો રાખવામાં આવે તો પછી સંબંધોમાં ઉત્કટતા ક્યાંથી દેખાય?

પરિવારની વ્યાખ્યા ખૂબ વિશાળ છે તે બાળકના ધ્યાનમાં લાવવાનું કાર્ય માતા પિતાનું છે પરંતુ અત્યારના માતા-પિતા પોતે જ આ પ્રકારના વળગણોથી દૂર ભાગવા માંગે છે. બહુ બહુ તો દાદા દાદી સુધી સીમિત થઈ જતા પરિવાર જોવા મળે છે. તેમાં પણ જવલ્લે જ એવો સુભગ સમન્વય જોવા મળતો હોય છે. ત્યારે આટલા સીમિત કોચલામાંથી પોતે જ ન બહાર આવવા માગતા હોય તેવા માતા-પિતા પોતાના સંતાનને પરિવારની વિશાળ વિભાવના કેવી રીતે શીખવી શકે ?

આંતરરાષ્ટ્રીય પરિવાર દિવસ યુનાઈટેડ નેશન્સમાં ૧૯૯૩માં મનાવવાની ઘોષણા થઈ હશે ત્યારે આપણા ભારતને ધ્યાનમાં રાખીને સદસ્યોએ વિચાર કર્યો હશે કે સમગ્ર વિશ્વને ભારત જેવા સંયુક્ત પરિવારની જે વિભાવના છે તેવી દૃષ્ટિ કેળવવા માટે આ પરિવાર દિવસનું આયોજન કરી શકાય. પરંતુ ખૂબ દુઃખ સાથે કહેવું પડે કે આજે ગામડા તૂટતા જાય છે પરિવારો તૂટતા જાય છે. સ્થળની સમીપતા ન રહે ત્યારે હૃદયની સમીપતા આપોઆપ રહી શકતી નથી.

કાર્ય સ્થળ પર પરિવારની ભાવના આવશ્યક છે. સોસાયટીમાં રહેતા હોઈએ ત્યારે એકમેક સભ્યોની પ્રત્યે પરિવારની ભાવના આવશ્યક છે. રસ્તા પરથી જતા હોઈએ અને કોઈ અકસ્માત થાય ત્યારે પરિવારની ભાવના ઉત્કટ હોય તો આપોઆપ ઊભા રહીને સેવા કરવાનું મન થાય. પરંતુ આ બધાના મૂળમાં બાળકને પોતાના પરિવાર અને વિસ્તૃત પરિવાર વિશેની વિભાવના સ્પષ્ટપણે અંકિત હશે તો આ દરેક સામાજિક, સંસ્થાકીય, સોસાયટી તેમજ રાષ્ટ્રીય પરિવારની ઉદ્દાત્ત ભાવના તેનામાં આપોઆપ જાગૃત થશે.

આજે પોતાના પુત્ર કે પુત્રીના લગ્નની જવાબદારી એક મોટી સમસ્યા બની ગઈ છે. કહેવાતા સુધારાવાદી પરિવારો સામાજિક, જ્ઞાતિ સમારંભોથી અળગા રહેતા હોય છે. તેઓ પોતાના સંતાનોના લગ્નની વય આવતા જ એક પ્રકારની અકળામણની લાગણી અનુભવવા માંડે છે. અને પછી અચાનક જ મેળાવડાઓમાં જઈ-જઈને હવાતિયાં મારવાના શરુ કરી દેવાથી શું થાય ?

પૈસાથી વસ્તુઓ ખરીદી શકાય. સંબંધો નહીં. સંપત્તિથી જીહજુરિયા મળી જાય આત્મીયતાથી સાથે બેસવાવાળા નથી મળતા. પરિવારનું આવરણ મનુષ્યને ચારેતરફથી સુરક્ષાનું કવચ પુરું પાડવાનું છે. દુઃખના સમયે સાથ મળે તે માટે જ નહીં પરંતુ સુખમાં પણ સહભાગી થવા માટે સંબંધોનું પડળ આપણે જ રચીને સાચવતા રહેવું પડે છે. પરિવાર અને પારિવારિક ભાવના વિકસાવવા માટે, તેની મહત્તા સમજવા માટે, વર્ષમાં આવો એક દિવસ ઉજવવા માટે પરિવારના બીજા સભ્યો કાજે જીવનભર થોડું-થોડું જતું કરવાની ભાવના પણ કેળવવી જ રહી.

- jayuoza@gmail.com,
Mo.9898046488

કોઈની સરળતાની વાતો સાંભળવા કરતાં નિષ્ફળતાની વાતો સાંભળવી વધુ સારી છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'કોઈકને માટે કશુંક છોડી શકાય, પરંતુ કોઈને પણ કશાક માટે ન છોડાય.'

'જે તેમને પ્રેમ કરે તેન શે ધિક્કારાય ? જે તમારામાં વિશ્વાસ મુકે તેને કેમ છેતરાય ?'

'જીવનમાં કલ્યાણ મિત્ર મળવો દુર્લભ છે.'

આ અને આવા અનેક વાક્યો, અર્થપૂર્ણ વાક્યો એમના પુસ્તકોમાં લખાયા છે. આમ તો એમનું લેખન ૧૨-૧૫ વર્ષથી થયું છે, પરંતુ હમણાં અમદાવાદમાં રાજપથ રોડ પર આવેલી ૦૭૯-Stories આર્ટ ગેલેરીમાં આર્ટ ગેલેરીમાં આર.આર. શેઠ દ્વારા પ્રકાશિત એમના દસ પુસ્તકોનું વિમોચન કરાયું.

વ્યવસાયે ૪૫ વર્ના અનુભવી એવા ગુજરાતના મહેસૂલ ક્ષેત્રના વરિષ્ઠ વકીલ, સમાજસેવી અને લેખક અશોક દામાણી કહે છે 'હું કયાં સાહિત્યકાર છું મારી પાસે શબ્દ ભંડોળની તંગીયે વળી છે જ.'

પરંતુ એમના દસ પુસ્તકોમાંથી પસાર થનારને એ વાતનો અનુભવ થાય છે કે મોટા ભાગે દરેક પુસ્તકોમાં શબ્દો - ભાષા ઘટનાઓનો લય બિલકુલ અલગ પણ છે અને સાહજિક પણ છે. મારો એમની સાથે એકાદ દાયકાઓ પારિવારિક પરિચય એમના અનેક કાર્યક્રમોમાં પણ હું સાથે રહું છું, છતાં વિમોચન કાર્યક્રમમાં મેં પૂછી જ લીધું કે 'એક વકીલ આટલી શબ્દ સજ્જતા કેવી રીતે કેળવી શક્યા ?'

પુસ્તક વિમોચન કાર્યક્રમમાં નવગુજરાત અખબાર જૂથના ગ્રુપ એડિટર - પત્રકાર - લેખક - વિશ્લેષક અજયભાઈ ઉમટ અને જાણીતા હિન્દી ફિલ્મો 'મીર્ચ મસાલા' તથા હોલી અને ગુજરાતી ફિલ્મ 'ભવની ભવાઈ' ના એસોસીએટ ડાયરેકટર પરેશ નાઈકે આવા અનેક પ્રશ્નો બાબતે - લેખકની શૈલી બાબતે - એમની વેદના - સંવેદના બાબતે લેખક સાથે માંડીને વાતો કરી. જરા જુદી રીતે ડિઝાઈન થયેલા આ કાર્યક્રમમાં વરિષ્ઠ સાહિત્યકારો સમાજના વિધવિધ વર્ગના મહાનુભાવો ઉપસ્થિત હતા.

એક સામાન્ય બોન્ડ રાઈટરથી શરૂ કરીને આજે 'દામાઝીઝ' નામે કોર્પોરેટ હાઉસ ઊભી કરવાની યાત્રા અનેક સંસ્મરણો લેખકે કહ્યા હતા.

એક રેવેન્યુ એડવોકેટની ચેમ્બરમાં અનેક પ્રસંગો બનતા હોય જેમની સંવેદના આ વકીલના હૃદયમાં રહેલા લેખકને સ્પર્શે અને પછી એ 'ચેમ્બર કથા' અને 'ચેમ્બર અનુભવ' પુસ્તકો લખે. એમાં એમણે બહુ સૂચક વાત લખી છે કે 'મને વિચાર આવે છે કે એક માણસના મગજમાં ભગવાને કેટકેટલી હોંશિયારી ઠાંસી-ઠાંસીને ભરી હશે ?'

'જે રાહ જુએ છે તે માં પુસ્તકમાં લેખક ૯૦ વર્ષની માતા કમુબાના દેહવસાન પછી ઊંઘ નથી આવતી ત્યારે કલ્પના અને ઘટનાઓને મેળવીને પત્રો દ્વારા મા-દીકરાનો સંવાદ રચે છે. એવી જ ભાવ સંવેદના વ્યક્ત થાય છે. 'અન પોસ્ટેટ લેટર્સ' પુસ્તકમાં હૃદયનાં ઊંડાણમાં રહી ગયેલી સંવેદનની અભિવ્યક્તિ અહીં પાને પાને પ્રગટ થઈ છે. અશોક દામાણી નિયમિતરૂપે સાંપ્રત સમયને અનુરુપ સમાજલક્ષી વિષયો પર રચનાત્મક નિબંધો લખે છે, મોટાભાગે વાચકના આંતર મન સુધી પહોંચવામાં લેખક સફળ થાય છે.'

એક જગ્યાએ તેઓ લખે છે કે 'કોઈની સરળતાની વાતો સાંભળવા કરતાં નિષ્ફળતાની વાતો સાંભળવી વધુ સારી છે.' કાર્યક્રમમાં જાણીતા ક્રિકેટર અને એમના દીકરા કીરાત દામાણીએ એમના પિતાના જીવનમાંથી ભાઈ-બહેન શું શું સંદેશ પામ્યા ? આચરણમાં ઉતાર્યા ?એની સહજ વાતો કરી હતી.

મારી માહિતી ખાતાની ત્રણ દાયકાની કારકિર્દીમાં અને એટલાજ સમયની કલાકાર-એન્કર તરીકેની કારકિર્દીમાં એવા અનેક વ્યક્તિઓને મળવાનું બન્યું છે જેઓ પોતાના કાયમી ક્ષેત્રમાંનો શ્રેષ્ઠ પ્રદાન કરી જ રહ્યા હોય, પરંતુ સાથે સાથે એમના માંહ્યામાં રહેલા શબ્દ-શૂર કે કલાના અન્ય સ્વરુપો પ્રત્યેનો પ્રેમ સતત અભિવ્યક્ત થયા જ કરતો હોય. જયારે જયારે આવું અનુભવાય આવી રીતે કોઈ કાર્યક્રમનો હિસ્સો બનવા મળે ત્યારે મનમાં આનંદના અજવાળા